# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22.01.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

****************************************************

1) ભારત આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ AI આર્કિટેક્ચર, એપ્લિકેશન, મોડેલ, ચિપ, ઇન્ફ્રા અને ઉર્જાના પાંચેય સ્તરો પર કામ કરી રહ્યું હોવાનું દાવોસમાં જણાવતા અશ્વિની વૈષ્ણવ

2) અમેરિકા ગ્રીનલેન્ડ પર નિયંત્રણ મેળવવા માટે વાતચીત માટે તૈયાર

3) રશિયન પ્રમુખે અમેરિકા અને ગ્રીનલેન્ડ વિષયમાં રશિયાને કોઈ સંબંધ નહીં હોવાનું જણાવ્યું

4) યુરોપિયન યુનિયને અમેરિકા સાથેના વેપાર સોદાના અમલ પર પ્રતિબંધ ફરમાવ્યો

5) પુરુષો ક્રિકેટમાં, ભારતે T-20 મેચમાં ન્યૂઝીલેન્ડને 48 રનથી હરાવ્યું - મહિલા ક્રિકેટમાં, યુપી વોરિયર્ઝ આજે ગુજરાત જાયન્ટ્સ સામે ટકરાશે.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# DAVOS

ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે ભારત આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ AI આર્કિટેક્ચર, એપ્લિકેશન, મોડેલ, ચિપ, ઇન્ફ્રા અને ઉર્જાના પાંચેય સ્તરો પર કામ કરી રહ્યું છે.

દાવોસમાં વર્લ્ડ ઇકોનોમિક ફોરમ ખાતે એક સત્રને સંબોધતા શ્રી વૈષ્ણવે કહ્યું કે ભારત વૈશ્વિક AI સેવાઓ માટે પાયો બનાવી રહ્યું છે. મંત્રીએ આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળના વડાની ભારતને બીજા સ્તરની AI શક્તિ ગણાવવાની ટિપ્પણીને સખત રીતે નકારી કાઢી. સ્ટેનફોર્ડ રેન્કિંગનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે ભારત AI તૈયારીમાં વૈશ્વિક સ્તરે ત્રીજા ક્રમે છે.

**BYTE: ASHWINI VAISHNAV**

શ્રી વૈષ્ણવે ભારતની સેમિકન્ડક્ટર વ્યૂહરચનાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે વૈશ્વિક ચિપ વોલ્યુમનો લગભગ 75 ટકા હિસ્સો 28 થી 90 નેનોમીટર રેન્જમાં છે. આ ચિપ  ઇલેક્ટ્રિક વાહનો, ઓટોમોબાઇલ્સ, રેલ્વે, સંરક્ષણ પ્રણાલીઓ, ટેલિકોમ સાધનો અને ગ્રાહક ઇલેક્ટ્રોનિક્સ વપરાય છે.ભારત 2030 સુધીમાં 7-નેનો મીટર ટેકનોલોજી વિકસાવવાનો નિર્ધાર કર્યો છે.

# TRUMP

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે તેઓ ગ્રીનલેન્ડ પર નિયંત્રણ મેળવવા માટે બળનો ઉપયોગ કરશે નહી. વોશિંગ્ટનને આ ટાપુની માલિકી આપવાની તેમની માંગને દોહરાવી છે.

દાવોસમાં વર્લ્ડ ઇકોનોમિક ફોરમને સંબોધતા શ્રી ટ્રમ્પે કહ્યું કે, તેઓ ગ્રીનલેન્ડના હક્ક માટે ચર્ચા કરવા માટે તાત્કાલિક વાટાઘાટો ઇચ્છે છે. ગ્રીનલેન્ડએ ડેનમાર્કનો અર્ધ-સ્વાયત્ત પ્રદેશ છે, જે અમેરિકાનો સાથી છે.

અમેરિકા અને ડેનમાર્ક 32 ઉત્તર અમેરિકન અને યુરોપિયન દેશોમાં શામેલ છે, જે લશ્કરી જોડાણ, નાટો બનાવે છે. ટ્રમ્પે વારંવાર ડેનમાર્ક પાસેથી ગ્રીનલેન્ડ પર એના હક્કની વાત કરી છે.

## PUTIN GREENLAND

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ગ્રીનલેન્ડ હસ્તગત કરવાની માંગણીથી ડેનમાર્ક અને નાટોની એકતાને વિષમ પરિસ્થિતિમાં મૂકાયા છે, ત્યારે રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને કહ્યું કે તેઓ આ મુદ્દાની રશિયાને કોઇ ચિંતા નથી. તેમણે એમ કહ્યું કે  ગ્રીનલેન્ડનું શું થાય છે તે સાથે રશિયા ને કોઈ સંબંધ નથી.

પુતિને ગઈકાલે રાત્રે રાષ્ટ્રીય સુરક્ષા પરિષદની બેઠકમાં તેમના ટેલિવિઝન ભાષણમાં કહ્યું કે, બંને દેશો જાતે જ આ વિવાદનો ઉકેલ લાવશે

રશિયાના વિદેશ મંત્રી સરગાઈ લાવરોવેએ દાવોસમાં અમેરિકાના પ્રમુખના દાવાને નકારતા આ મુજબ જણાવ્યું

### BYTE: RUSH

# US TRADE DEAL

યુરોપિયન સંસદે ગ્રીનલેન્ડ હસ્તગત કરવાની અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની માંગણીઓ અંગે ચિતા વ્યક્ત કરી હતી. અમેરિકાનો વિરોધ કરનાર યુરોપિયન દેશ  પર ટેરિફ લગાવવાની ધમકીઓ આપી હતી. યુરોપિયન યુનિયનએ વળતાં જવાબમાં અમેરિકા સાથેના વેપાર સોદા પર રોક લગાવવાનો નિર્ણય લીધો છે. આ દરખાસ્તોને સંસદ અને EU સરકારો દ્વારા મંજૂરીની જરૂર છે. ઘણા કાયદા ઘડનારાઓએ ફરિયાદ કરી કે વેપાર સોદો એકતરફી છે, જ્યારે EUએ મોટાભાગની આયાત ડ્યુટી ઘટાડવાની જરૂર છે જ્યારે અમેરિકા 15% ના વ્યાપક દર પર તટસ્થ છે. યુરોપિયન સંસદની વેપાર સમિતિ 26-27 જાન્યુઆરીના રોજ મતદાનમાં પોતાનું સ્થાન નક્કી કરવાની હતી. જો કે, આ હવે મુલતવી રાખવામાં આવ્યું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# ATAL PENSION YOJANA

સરકારે 2030-31 સુધી અટલ પેન્શન યોજના યથાવત રાખવાની મંજૂરી આપી છે. ગઈકાલે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી કેબિનેટ બેઠક દરમિયાન આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

સાંભળીએ એક અહેવાલ.....

**V/C: PRASHANT**

આ પગલાથી આશરે 25 લાખ 74 હજાર નવા MSME લાભાર્થીઓને લાભ થવાની અપેક્ષા છે.

# MAOIST

તેલંગાણા પોલીસે દેશભરમાં સી. પી. આઈ (માઓવાદી)ના નેતાઓએ બાકીના માઓવાદીઓને આત્મસમર્પણ કરવા અપીલ કરી છે. તેલંગાણાના કુલ 17 માઓવાદીઓ સંઘટનો રાજ્યોમાં સક્રિય છે.

'હવે સંઘર્ષ નહીં - તમારા ગામને પ્રેમ કરો' ના નારા સાથે, તેલંગાણા પોલીસે તેમને મુખ્ય પ્રવાહમાં પાછા ફરવા અપીલ કરી છે.

તેલંગાણા પોલીસ આ માઓવાદીઓને શરણાગતિ સ્વીકારવા માટે પ્રોત્સાહિત કરવા પગલાં લઈ રહી છે. 2025 દરમિયાન, કુલ 576 માઓવાદીઓએ તેલંગાણા પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું. 1980માં પીપલ્સ વોર (હવે સીપીઆઈ-માઓવાદી) ની રચના પછી આ એક અભૂતપૂર્વ ઘટના છે.

# SIR

ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીઓના સઘન સુધારણા ઝુંબેશ (SIR) પર સુપ્રીમ કોર્ટના આદેશનો અમલ કરવા માટે નિર્દેશો જારી કર્યા છે.

આ સુધારણા ઝુંબેશ રાજ્યના મતદારોને દસ્તાવેજો સબમિટ કરવાની અને ચોક્કસ સમયમર્યાદામાં સુનાવણી કરવાની તકો પૂરી પાડે છે.

પંચે પશ્ચિમ બંગાળના અધિકારીઓને ચાલુ SIR 2026 સંબંધિત સુપ્રીમ કોર્ટના આ મહિનાના આદેશનો કડક અમલ કરવા પણ નિર્દેશ આપ્યો છે. તેણે રાજ્ય વહીવટીતંત્ર અને પોલીસને પૂરતા માનવબળ, સુનાવણીનું સરળ સંચાલન અને કાયદો અને વ્યવસ્થા જાળવવાની ખાતરી કરવા સૂચના આપી છે, અને કોઈપણ ઉલ્લંઘન માટે કડક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે.

ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળના DGP, કોલકાતાના પોલીસ કમિશનર, બધા જિલ્લા કલેક્ટરો, અન્ય તમામ પોલીસ કમિશનરો અને તમામ SP ને SIR દરમિયાન કડક કાયદો અને વ્યવસ્થા સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો છે.

# DELHI BEATING RETREAT

આજે વિજય ચોક ખાતે બીટિંગ રીટ્રીટ સમારોહ માટે રિહર્સલ હોવાથી નવી દિલ્હીના કેટલાક ભાગોમાં ટ્રાફિક નિયમનમાં ફેરફાર કર્યો છે જેમાં અમુક વિસ્તાર પર અવરજવર માટે પ્રતિબંધીત રહેશે.

ટ્રાફિક સલાહકાર મુજબ, વિજય ચોક સાંજે 4 થી 6.30 વાગ્યા સુધી સામાન્ય ટ્રાફિક માટે બંધ રહેશે. કૃષિ ભવન નજીકના વિજય ચોક તરફ રાયસીના રોડ રિહર્સલના કલાકો દરમિયાન અવરજવર બંધ રહશે

## CHHATTISGARH - FESTIVAL

છત્તીસગઢમાં, રાયપુર સાહિત્ય મહોત્સવ આવતીકાલથી શરૂ થવાનો છે. ત્રણ દિવસીય સાહિત્ય મહોત્સવમાં દેશભરના અનેક પ્રખ્યાત લેખકો, કવિઓ, વાર્તાકારો, કલાકારો અને નાટ્ય જગતના લોકો ભાગ લેશે.

## IND VS NZ T20

પુરુષોના ક્રિકેટમાં, ભારતે પાંચ મેચની શ્રેણીની પ્રથમ T-20 મેચમાં ન્યૂઝીલેન્ડને 48 રનથી હરાવ્યું. આ જીત સાથે પાંચ મેચની T20 શ્રેણીમાં ભારતે 1-0ની લીડ મેળવી લીધી.

ન્યૂઝીલેન્ડને ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી હતી. પ્રથમ બેટિંગ કરતાં ભારતે 239 રન બનાવ્યા હતા. જવાબ, ન્યૂઝીલેન્ડ નિર્ધારિત 20 ઓવરમાં સાત વિકેટ ગુમાવી માત્ર 190 રન જ બનાવી શક્યું. ગ્લેન ફિલિપ્સે 40 બોલમાં 78 રન બનાવ્યા. વરુણ ચક્રવર્તી અને શિવમ દુબેએ 2-2 વિકેટ, જ્યારે અર્શદીપ સિંહ, હાર્દિક પંડ્યા અને અક્ષર પટેલે એક-એક વિકેટ ઝડપી હતી.

ભારતના ઓપનર અભિષેક શર્માએ શાનદાર 84 રન બનાવ્યા અને તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

પાંચ મેચોની શ્રેણીની બીજી ટી-20 આવતીકાલે શહીદ વીર નારાયણ સિંહ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ રાયપુર ખાતે રમાશે. આ મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે.

# WPL

મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટમાં, યુપી વોરિયર્ઝ મહિલા ટીમ આજે વડોદરાના બી. સી. એ સ્ટેડિયમ ખાતે લીગ મેચમાં ગુજરાત જાયન્ટ્સ સામે ટકરાશે. આ મેચ સાંજે 7:30 વાગ્યે રમાશે.

WPL 2026 બે શહેરોના ફોર્મેટમાં યોજાઈ રહી છે. ટુર્નામેન્ટનો નવી મુંબઈ તબક્કો પૂર્ણ કર્યા પછી, પાંચેય ટીમો સ્પર્ધાના બીજા ભાગ માટે ગુજરાત સ્થળાંતરિત થઈ ગઈ છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના મોટાભાગના અખબારોમાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખના ગ્રીનલેન્ડ અંગેના નિવેદનના સમાચાર મુખ્ય શીર્ષકમાં વાંચવા મળી રહ્યા છે.
- ગુજરાત સમાચારનું મુખ્ય શીર્ષક છે- ગ્રીનલેન્ડને સૈન્ય નહીં,સમજણથી લઈશું:ટ્રમ્પ
- દિવ્યભાસ્કર લખે છે – ગ્રીનલેન્ડ બરફનો ટુકડો, સેના ઉતાર્યા વગર પણ અમે કબજો કરી લઈશું: ટ્રમ્પ
- સંદેશે હવે અમેરિકાની દાદાગીરી નહીં ચાલે – કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નિના આ નિવેદન અંગેના સમાચારને હેડલાઇન બનાવી છે.
- સોના ચાંદીના ભાવમાં તેજી યથાવત, પ્રતિબંધ છત્તા ગેરકાયદે ખાણકામ અંગે સુપ્રીમ કોર્ટએ ચિંતા વ્યક્ત કરી અને ભારતે રાજદ્વારી પરિવારોને બાંગ્લાદેશથી પરત બોલાવ્યા સહિતના સમાચાર વિવિધ અખબારોમાં પહેલા પાને વાંચવા મળી રહયા છે.